# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ હરિયાણા અને જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર અભિયાનનો પ્રારંભ. ડોડામાં ચૂંટણી સભા સંબોધતાં પ્રધાનમંત્રીએ વિપક્ષ સામે સાધ્યું નિશાન.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસના ઝારખંડ, ગુજરાત અને ઓડિશાના પ્રવાસે.
- ✓ આજે હિન્દી દિવસ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા હિન્દી ભાષાના મહત્વ પર ભાર મૂક્યો.
- ✓ હવામાન વિભાગ દ્વારા પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર તેમજ ઝારંખડના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં ભારતનો આજે પાકિસ્તાન સામે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *HARYANA JAMMU CAMPAIGN*

**હરિયાણા અને જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. જમ્મૂ કાશ્મીરમાં 18 સપ્ટેમ્બરના રોજ પ્રથમ તબક્કામાં 24 બેઠકો પર**

મતદાન થશે. આ પૂર્વે તમામ રાજકીય પક્ષો મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મૂના ડોડામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે ચૂંટણી સભાને સંબોધતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરમાં પરિવારવાદને કારણે આતંકવાદને વેગ મળ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું આગામ વિધાનસભાની ચૂંટણી બાદ જમ્મુ-કાશ્મીરનું ભવિષ્ય બદલાવવાનું છે.

તો કોંગ્રેસ અને નેશનલ કોન્ફરેન્સ પક્ષના નેતાઓ પણ આજે પ્રચાર મેદાનમાં છે. આ તરફ હરિયાણામાં પણ પ્રચાર અભિયાન તેજ બન્યું છે. અહીં પાંચ ઑક્ટોબરના રોજ વિધાનસભાની 90 બેઠકો માટે મતદાન થશે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતાઓ આજે હરિયાણામાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. શ્રી મોદી હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે થીમ પાર્કમાં ચૂંટણી સભાને સંબોધન કરશે. કોંગ્રેસ સહિતના પક્ષો પણ હરિયાણાના મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે. હરિયાણા અને જમ્મૂ કાશ્મીરમાં મતગણતરી 8 ઑક્ટોબરના રોજ થશે.

## *PM MODI THREE DAY VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસના ઝારખંડ, ગુજરાત અને ઓડિશાના પ્રવાસે છે. શ્રી મોદી પ્રથમ ઝારખંડના પ્રવાસે છે, જ્યાં તેઓ ટાટાનગર – પટના વંદે ભારત ટ્રેન સહિત 6 જેટલી વંદે ભારત ટ્રેનોનો પ્રારંભ કરાવશે.

તેઓ અહીં 660 કરોડ રૂપિયાની કિંમતના વિવિધ રેલવે પ્રોજેક્ટનો શીલાન્યાસ પણ કરશે. સાથે જ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ટાટાનગર ખાતેના લાભાર્થીઓને 20 હજાર રૂપિયાના વળતરના પ્રમાણપત્રોનું વિતરણ કરશે.

સોમવારે પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે છે. તેઓ પ્રધાનમંત્રી સૌર ઘર મફત વીજળી યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. જે બાદ તેઓ ચોથા વૈશ્વિક પુનઃ

પ્રાપ્ય ઊર્જા રોકાણકાર સંમેલન અને એક્સ્પોનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી મોદી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન પણ કરશે. સાંજે તેઓ અમદાવાદ ખાતે 8 હજાર કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન તેમજ ખાત મહૂર્ત કરશે.

મગંળવારે તેઓ ઓડિશાની મુલાકાતે જશે. જ્યા તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. તેઓ ભુવનેશ્વરમાં અંદાજે 800 કરોડના વિવિધ પ્રોજેક્ટનું ખાત મૂહર્ત કરશે.

## *VP VISIT-MAHARASHTRA*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી મહારાષ્ટ્રની બે દિવસીય મુલાકાતે છે. શ્રી ધનખડ આવતીકાલે મુંબઈમાં એલ્ફિન્સ્ટન ટેકનિકલ કોલેજ ખાતે એક કાર્યક્રમમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યભરની 434 ITI માં બંધારણ મંદિરોનું ઉદ્ઘાટન કરશે. આ બંધારણ મંદિર બંધારણના ઉપદેશોને સમર્પિત છે અને ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકરના વિચારોના પ્રસારને સરળ બનાવવા માટે રચાયેલ છે. ઉપરાષ્ટ્રપતિ એ જ દિવસે નાગપુરમાં રામદેવબાબા યુનિવર્સિટીમાં ડિજિટલ ટાવરનું ઉદ્ઘાટન પણ કરશે.

## *REV J&K-ENCOUNTER*

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના બે જવાન શહીદ થયા છે અને અન્ય બે ઇજાગ્રસ્ત થયા છે.

મળેલી ગુપ્ત માહિતીને આધારે સુરક્ષા દળોએ કિશ્તવાડ જિલ્લાના છત્રુ બેલ્ટના નૈડગામ વિસ્તારમાં સંયુક્ત ઘેરાબંધી અને શોધ અભિયાન શરૂ કર્યું. ઓપરેશન દરમિયાન નૈડગામ ગામની નજીકના જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો અને છુપાયેલા આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં ચાર જવાનોને ગોળી વાગતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આકાશવાણી જમ્મુના સંવાદદાતાએ

જણાવ્યું કે જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદીઓ આ વિસ્તારમાં છે. હાલ ઓપરેશન ચાલુ છે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

## *J&K BARAMULLA ENCOUNTER*

તો આ તરફ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ક્રીરીમાં એક અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ક્રિરી વિસ્તારના ગામ ચક-એ-ટેપરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણ દરમિયાન આતંકવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

## *AMIT SHAH HINDI DIVAS*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હિન્દી દિવસ પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. શ્રી શાહે એક વીડિયો સંદેશમાં આ વર્ષે હિન્દી દિવસના મહત્વ પર ભાર મૂકતા કહ્યું છે કે બંધારણીય સભાએ 14 સપ્ટેમ્બર, 1949ના રોજ હિન્દીને રાજભાષા તરીકે સ્વીકારી હતી.

તેમણે કહ્યું કે હિન્દી દિવસના 75 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે આ ઉપલબ્ધિ રાજભાષા તરીકે હિન્દીની હીરત જયંતિ તરીકે ઉજવવામાં આવી રહી છે.

શ્રી શાહે જણાવ્યું છે કે તમામ ભારતીય ભાષાઓ દેશના ગૌરવ અને ધરોહરનો સ્ત્રોત છે અને આ ભાષોને સમૃદ્ધ બનાવ્યા વિના પ્રગતી શક્ય નથી. વધુમાં તેમણે ઉમેર્યું કે હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે કોઈ સ્પર્ધા નથી.

ગૃહમંત્રીએ જણાવ્યું કે રાજભાષા વિભાગ ટૂંક સમયમાં હિન્દીથી આઠમી યાદીમા સામેલ તમામ ભાષાઓના અનુવાદ માટે એક પોર્ટલ શરૂ કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *MANDAVIYA - LABOUR REFORMS*

શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા આવતીકાલે ગુજરાતમાં રાજકોટ ખાતે પશ્ચિમી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરશે.

બેઠક દરમિયાન, તેઓ શ્રમ સુધારણા, અસંગઠિત કામદારોના ઈ-શ્રમ-નેશનલ ડેટાબેઝ અને રોજગારની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, કેન્દ્ર સરકાર અને રાજ્યો દ્વારા લેવામાં આવતી ચાવીરૂપ પહેલો પર સહયોગને મજબૂત કરવા પર ચર્ચા કરશે. આ બેઠક શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે આયોજિત રાષ્ટ્રીય-વ્યાપી પરામર્શની શ્રેણીનો એક ભાગ છે.

બેઠક દરમિયાન, અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા લાભો સરળતાથી મેળવવા માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે ઈ-શ્રમ પોર્ટલની રચના, મકાન અને બાંધકામ કામદારો માટે વિવિધ કેન્દ્રીય કલ્યાણ યોજનાઓના કવરેજના વિસ્તરણ સહિત મુખ્ય શ્રમ અને રોજગાર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

## *INDIA - G20 AGRICULTURE MEETING*

કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી રામ નાથ ઠાકુરે કહ્યું છે કે ભારત ખાદ્ય સુરક્ષા અને પોષણ સુનિશ્ચિત કરવા માટે વિશ્વના સૌથી મોટા ખાદ્ય-આધારિત સુરક્ષા કાર્યક્રમનો અમલ કરી રહ્યું છે.

બ્રાઝિલના કુઆબામાં આજે યોજાયેલી G-20 કૃષિ મંત્રી સ્તરની બેઠકને સંબોધતા શ્રી ઠાકુરે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત કૃષિ વિકાસને પ્રાથમિકતા આપે છે. તેમણે કહ્યું કે ભારતનું વિઝન માત્ર ઉત્પાદકતા પર જ નહીં પરંતુ આર્થિક, સામાજિક, પર્યાવરણીય ટકાઉપણું, ખેડૂતોની સમૃદ્ધિ વધારવા અને વિકાસ માટે વ્યાપક અભિગમ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. શ્રી ઠાકુરે ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્ય માટે ઉદાર કૃષિ પ્રણાલી વિકસાવવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો હતો.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે પશ્ચિમં બગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ઉત્તરાખંડના અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર અને બિહારમાં આગામી બેથી ત્રણ દિવસમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં આજે છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

## *HOCKEY-ASIAN CHAMPIONS TROPHY*

એશિયન ચેમ્પિયન ટ્રોફી હોકી ટુર્નામેન્ટની અંતિમ પુલ મેચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ રહી છે.

ચાર વખતના ચેમ્પિયન ભારત સાઉથ કોરિયા સામે લીગ સ્ટેજમાં સતત ચોથી જીત મેળવ્યા બાદ પહેલાથી જ સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરી ચૂકયું છે. હરમનપ્રીત સિંહની નેતૃત્વમાં ટીમ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે. ભારતીય ટીમ હાલમાં બાર પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને પાકિસ્તાન સામેના પરિણામને ધ્યાનમાં લીધા વિના રાઉન્ડ- રોબિન તબક્કામાં પ્રથમ સ્થાન મેળવશે.

## *DIAMOND LEAGUE FINAL*

એથ્લેટિક્સમાં, ભારતના બે વખતના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા નીરજ ચોપડા આજે મોડી રાત્રે બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં ડાયમંડ લીગ ફાઈનલમાં ભાલા ફેંકમાં ભાગ લેશે, જે ભારતીય સમય મુજબ 1:52 વાગ્યે શરૂ થશે.

નીરજનો ડાયમંડ લીગમાં મજબૂત ટ્રેક રેકોર્ડ છે, તેમણે 2022માં ફાઇનલમાં જીત મેળવી હતી અને 2023માં બીજા સ્થાને રહ્યા હતા. 2024 સીઝનમાં, તેઓએ બે મેચમાં 14 પોઈન્ટ બનાવ્યા છે અને પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે.

દરમિયાન, અવિનાશ સાબલે ડાયમંડ લીગ ફાઇનલમાં પુરુષોની 3,000 મીટર સ્ટીપલચેસમાં નવમા સ્થાને રહ્યા હતા. સાબલે 8 મિનિટ અને 17 સેકન્ડમાં રેસ પૂરી કરી હતી. કેન્યાના 22 વર્ષીય એમોસ સેરેમે રેસ જીતી અને આ ઇવેન્ટમાં તેમની પ્રથમ ડાયમંડ લીગ ટ્રોફી જીતી હતી.

## *GOVT-BASMATI RICE*

કેન્દ્ર સરકારે બાસમતી ચોખાની નિકાસ માટે નોંધણી અને એલોટમેન્ટ પ્રમાણપત્રો જારી કરવા માટે 950 ડોલર પ્રતિ ટનની લઘુત્તમ નિકાસ કિંમત દૂર કરી છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું કે ઉચ્ચ ગુણવત્તાવાળા ચોખાની નિકાસ ખેડૂતોની કમાણીમાં વધારો કરશે. તેમણે કહ્યું કે આનાથી નિકાસને વેગ મળશે અને ખેડૂતોની આવક પણ વધશે. શ્રી ગોયલે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર દ્વારા લેવાયેલ આ નિર્ણય ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદન નિકાસ વિકાસ સત્તામંડળને વિનંતી કરી છે કે તેઓ બાસમતીની નિકાસ માટેના કોઈપણ બિન-વાસ્તવિક ભાવો  માટે નિકાસ કરાર પર ચાંપતી નજર રાખે.